**પોરબંદરના નામદાર એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં.**

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૧૧/૨૦૨૬.

આશિષ જેઠાલાલ જુંગી,
ઉ.વ.૪૦,
રહે.શેરી નં. ૪, ઝુરીબાગ,
પોરબંદર. ..... અરજદાર.

**વિ રુ ધ્ધ**

સ્ટેટ ઓફ ગુજરાત,
નોટીસ થ્રુ ડી.જી.પી. પોરબંદર ..... સામાવાળા.

**બાબત :- બી.એન.એન.એસ. ની કલમ-૪૯૭/૪૯૮ (ક્રિ.પ્રો. કોડ કલમ-૪૫૧/૪૫૨) અન્વયે મુદ્દામાલ વાહન પરત મેળવવાની અરજી...**

**:::::::::: :::::::::: :::::::::: ::::::::::**
**અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી જે. આઇ. શેખ...**
**ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલ શ્રી એસ. બી. જેઠવા...**
**:::::::::: :::::::::: :::::::::: ::::::::::**

**: ઠ રા વ :**

(૧) આ કામે અરજદારે કીર્તીમંદિર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧ ૮૦૦૬૨૬૦૦૦૭/૨૦૨૬ (પોકસો કેસ નં. ૩/૨૦૨૬) ના ગુન્હાના કામે પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ટીવીએસ કંપનીનુ આઇકયુબ ઇલ ેકટ્રીક સ્કુટર જેના રજી. નં. જીજે-૨૫-એઇ-૮૩૪૩ પરત મેળવવા હાલની અરજી આપેલ છે.

(૨) અરજદારે હાલની અરજી દાખલ કરતા સામાવાળાને નોટીસ કરવામાં આવતા સામાવાળા તરફે સરકારી વકીલશ્રી હાજર થયેલ છે. આ કામે અરજદાર તરફે વિ.વ. શ્રી જે. આઇ. શેખ તથા સરકાર તરફે વિ. સરકારી વકીલ શ્રી એસ. બી.

જેઠવાની દલીલ સાંભળી.

(૩) અરજદારના વિ.વ.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે, આ કામે બી.એન.એસ. કલમ–૭૪, ૭૫(૧)(૧), ૭૮(૧)(૧) તથા પોકસો એકટની કલમ–૧૨ વિગેરે મુજબના ગુન્હામાં અરજદારની માલીકીનું સ્કુટર કબજે લેવામાં આવેલ છે. તેઓ જણાવે છે કે, સદર વાહનનો ગુન્હાના કામે કોઇ ઉપયોગ થયેલ નથી. સદર મુદ્દામાલ વાહન અરજદારની માલીકીનુ છે અને આ ગુન્હાની ટ્રાયલ બાકી છે, ટ્રાયલ ચાલવામાં લાંબો સમય જાય તેમ છે અને ત્યાં સુધી મુદ્દામાલ લાં બો સમય સુધી પો.સ્ટે. માં પડી રહે તો તેની બેટરી, એન્જીન અને તેના અન્ય પાર્ટને નુકશાન થાય અને તેની કિંમતમાં ઘટાડો થાય. તેઓ વધુમાં જણાવે છે કે, અરજદાર નામ. કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે જેથી મુદ્દામાલ વાહન વચગાળાના કબજા તરીકે મેળવવાની હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) વિ. સરકારી વકીલશ્રી તેમની દલીલમાં જણાવે છે કે, આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો ઉપયોગ ગુનાના કામે કરવામાં આવેલ હોય જેથી પોલીસ અભિપ્રાય ધ્યાને લઇ અરજદારની હાલની અરજી નામંજુર કરવા જણાવે છે.

(૫) રજુ થયેલ સમગ્ર હકીકતો, રેકર્ડ અને કાયદાની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા કીર્તીમંદિર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૬૨૬૦૦૦૭/૨૦૨૬ (પોકસો કેસ નં. ૩/૨૦૨૬) બી.એન.એસ. કલમ–૭૪, ૭૫(૧)(૧), ૭૮(૧)(૧) તથા પોકસો એકટની કલમ–૧૨ વિગેરે મુજબના કામે અરજદારની માલીકીનું સ્કુટર પરત મેળવવા અરજી કરેલ છે. પોલીસના આક્ષેપ મુજબ આ મુદ્દામાલ વાહન હાલના ગુનાના કામે કબજે લેવામાં આવેલ છે. આ

કામે જે મુદ્દામાલ પરત મેળવવા અરજી આપેલ છે તે વાહન છે અને સામાન્ય રીતે આ કેસ પુર્ણ થવામાં સમય જાય તેમ છે તેથી લાં બો સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેની બેટરી, એન્જીન તથા સ્પેર પાર્ટસને નુકશાન થાય અને તેની કિંમતમાં ઘટાડો થાય. આ કામે કબજે કરવામાં આવેલ વાહનની આર.સી. બુક વંચાણે લેતા અ હાલના અરજદારના નામે રહેલ છે. આ મુદ્દામાલ વાહન પોલીસ અભિપ્રાય મુજબ આરોપી પાસેથી કબજે લેવામા આવેલ છે અને અને તેઓએ અરજદારને મુદ્દામાલ વાહન સોંપવા માટે કોઇ વાંધો તકરાર નથી તે સોગંદનામુ રજુ કરી જાહેર કરેલ છે. આ કામે અન્ય કોઇ દ્વારા આ મુદ્દામાલ વાહન અંગે કલેઇમ કરવામાં આવેલ નથી. વધુમાં આ મુદ્દામાલ વાહન અરજદાર કોર્ટ જયારે ફરમાવે ત્યારે પરત આપવાની ખાત્રી આપતા હોય તે સં જોગોમાં સુંદરલાલ અંબાલાલ દેસાઇના ચુકાદામાં નકકી થયેલ સિધ્ધાંત ધ્યાનમાં લેતા તેમજ બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭ ની જોગવાઇ જોતા મુદ્દામાલનો વચગાળાનો કબજો પરત આપવા માટે કોર્ટને વિવેકબુધ્ધી અનુસાર હુકમ કરવાની સત્તા રહેલ છે તે સંજોગોમાં અરજદાર શરતોનું પાલન કરવાની ખાતરી આપતા હોય ત્યારે આ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં રાખી મુકવો ન્યાયોચિત જણાતુ નથી જેથી આ મુદ્દામાલ વાહન અરજદારને વચગાળાના કબજા તરીકે પરત સોંપવો વ્યાજબી જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે. અરજદાર આશિષ જેઠાલાલ જુંગીને કીર્તીમંદિર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧ ૮૦૦૬૨૬૦૦૦૭/૨૦૨૬ (પોકસો કેસ નં. ૩/૨૦૨૬) બી.એન.એસ.

કલમ–૭૪, ૭૫(૧)(૧), ૭૮(૧)(૧) તથા પોકસો એકટની કલમ–૧૨ વિગેરે મુજબના ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ટીવીએસ કંપનીનુ આઈકયુબ ઈલેકટ્રીક સ્કુટર જેના રજી. નં. જીજે–૨૫–એઈ–૮૩૪૩ની મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતની દોઢી રકમના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા સબંધીત પોલીસ સ્ટેશનમાં રજુ કરે તો અરજદારને નીચેની શરતોને આધીન મુદ્દામાલની વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :**

| | |
|---|---|
| (૧) | અરજદારે મુદ્દામાલનો કોઈ ગુન્હાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કરાવવો નહીં. |
| (૨) | અરજદારે આ મુદ્દામાલ કેસની ટ્રાયલ પુર્ણ ન થાય ત્યાં સુધી કોઈને ટ્રાન્સફર, ગીરો, બક્ષીસ, વેચાણ કે કોઈપણ પ્રકારે તબદીલ કરવુ નહી. |
| (૩) | અરજદારે મુદ્દામાલની ઓળખમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં. તથા કોઈ ગુન્હાહિત કૃત્યમાં મુદ્દામાલ વાહનનો ઉપયોગ કરવો નહીં. |
| (૪) | અરજદારે જયારે અને જયાં કોર્ટ ફરમાવે ત્યારે આ મુદ્દામાલ વાહન રજુ કરવુ. |
| (૫) | અરજદારે પોતાના રહેણાંકનું સરનામુ, મોબાઈલ નંબર સાથે લેખિતમાં સબંધીત પોલીસ સ્ટેશન તથા અત્રેની અદાલતમાં લેખિતમાં રજુ કરવુ. |

આ હુકમની જાણ અંગેની યાદી સબંધીત પોલીસ સ્ટેશનને કરવી. તપાસ કરનાર અધિકારીએ સદરહું મુદ્દામાલ વાહન યોગ્ય ખરાઈ કર્યા બાદ હુકમ મુજબ અરજદારને સોંપવો.

હુકમ આજરોજ તા. ૨૫ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર,

તા.૨૫–૦૩–૨૦૨૬.

(પી. એચ. શર્મા)
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701